# થેલેસેમિયા ચકાસણી કાર્યક્રમ

આણંદ કૃષિ યુનિવર્સિટી હેઠળ કાર્યરત કૃષિ મહાવિદ્યાલય, જબુગામ ખાતે તાજેતર માં વિદ્યાર્થીઓના આરોગ્ય સંરક્ષણ અને જાગૃતિ હેતુસર થેલેસેમિયા ચકાસણી કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગામ ઓફિસર ડૉ. પિયુષ ઉકાણી દ્વારા કરવામાં આવ્યું હતું તથા આ કાર્યક્રમ આચાર્ય ડૉ. જે. બી. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ કાર્યક્રમ ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાના સહયોગથી કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. પિયુષ ઉકાણીએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને થેલેસેમિયા રોગ અંગે મૂળભૂત માહિતી આપી અને આવા આરોગ્યલક્ષી કાર્યક્રમોના મહત્વ વિશે સમજાવ્યું. ત્યારબાદ ડૉ. દીપ એમ. પટેલ તથા ડૉ. ભૂમિ વિરાડિયા દ્વારા થેલેસેમિયા રોગની ગંભીરતા તેમજ વહેલી તકે ચકાસણી કરાવવાની આવશ્યકતા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ સાથે શ્રી અલ્પેશ પરમાર, કેમ્પ ઇન્ચાર્જ, ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા દ્વારા થેલેસેમિયા ચકાસણી પ્રક્રિયા અને રક્ત પરીક્ષણની રીત વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

આ કાર્યક્રમ અંતર્ગત કુલ આશરે ૫૫ વિદ્યાર્થીઓએ થેલેસેમિયાની ચકાસણી કરાવી. વિદ્યાર્થીઓના રક્તના નમૂનાઓ એકત્ર કરવાની પ્રક્રિયા સવારે ૧૦:૦૦ વાગ્યાથી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી વ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન રેડ ક્રોસ સોસાયટીની ટીમ દ્વારા જરૂરી તકેદારી અને આરોગ્ય સંબંધિત માર્ગદર્શિકાઓનું પાલન કરવામાં આવ્યું.

આ પ્રકારના આરોગ્ય જાગૃતિ કાર્યક્રમોથી વિદ્યાર્થીઓમાં થેલેસેમિયા જેવા ગંભીર વારસાગત રોગ અંગે જ્ઞાન વધે છે તથા ભવિષ્યમાં તેના નિવારણ માટે સહાયરૂપ સાબિત થાય છે. કાર્યક્રમ અંતે ઉપસ્થિત તમામ મહેમાનો, રેડ ક્રોસ ટીમ અને સહભાગી વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.


NATIONAL SERVICE SCHEME
AAU
Thalassemia - Test
DATE: 06-02-2026
COLLEGE OF AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY
JABUGAM- 391 135




NATIONAL SERVICE
SCHEME
DATE: 06-02-2026


NATIONAL SERVICE
SCHEME
COLLEGE OF AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY

